અપીલ અરજી નં.૪૭ તા.૩૦–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી કે.એ. ધીવાલા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી કે.એ. ધીવાલાની તા.૧૭–૩–૧૧ની અરજીથી સેન્ટ્રલ ઝોનમાં આવેલ મોગલ કબ્રસ્તાન જેનો સર્વે નં.૧૧/૨૪૦૫ ના હેતુફેર, પ્લાન રજાચીઠ્ઠી વગર ખુલ્લા કબ્રસ્તાનમાં થયેલ ગેરકાયદેસર બાંધકામની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૪–૧૧ ની **SMC/FAP/** નં.૪૭/૨૦૧૧–૧૨

શ્રી કે.એ. ધીવાલાની તા.૧૭–૩–૧૧ની અરજીથી સેન્ટ્રલ ઝોનમાં આવેલ મોગલ કબ્રસ્તાન જેનો સર્વે નં.૧૧ /૨૪૦૫ ના હેતુફેર, પ્લાન રજાચીઠ્ઠી વગર ખુલ્લા કબ્રસ્તાનમાં થયેલ ગેરકાયદેસર બાંધકામની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતિ આપવા બાબતે નિયત સમયઅવધિમાં કોઈ નિર્ણય મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે અરજદારની તા.૨૨–૨–૧૧ ની અરજી અંગે થયેલ કાર્યવાહી દફતરી વિગતો પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૬ તા.૬–૫–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૨૨ તા.૧–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની તા.૨૨–૨–૧૧ ની અરજીની નકલ તથા પહોંચની નકલ ,અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૬ તા.૨૬–૪–૧૧ ના પત્રની નકલ, સાર્વજનીક ટ્રસ્ટ નોંધણી કચેરી સુરત જિલ્લાની રજીસ્ટરમાં નોંધાણી થયેલ તેની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૩–૧૧ ની અરજીથી સેન્ટ્રલઝોનમાં વોર્ડ નં.૧૧ નોંધ નં.૨૪૦૫ માં આવેલ મોગલ કબ્રસ્તાનમાં હેતુ ફેર કરી શહેર વિકાસ વિભાગમાં પ્લાન મુકયા વગર કે રજીચઠ્ઠી મેળવ્યા વગર ખુલ્લા કબ્રસ્તાનમાં વકફ બોર્ડની મંજુરી લીધા વગર બે પાકા ભોંયતળીયા રૂમોનું ગેરકાયદેસર બાંધકામ કરેલ છે. જેની પુરાવા અને માપ સહિત તા.૨૨–૨–૧૧ ના રોજ પત્રથી જણાવેલ. જેમાં ટેનામેન્ટ નંબર પણ જણાવેલ. હાલ ૧૬૬ વારનું ખુલ્લુ કબ્રસ્તાન રેકર્ડ ઉપર છે જેમાં હેતુ ફેર કરી બે રૂમના પાકા બાંધકામ બાદ ૧૪×૧૦ ની ખુલ્લી જગ્યા કબ્રસ્તાન માટે બચી છે જે માટે મુદ્દા નં.૧ થી ૨ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. (૧) કબ્રસ્તાન કે જે જગ્યામાં ગુજરી ગયેલ વ્યકિતને દફનાવવા ઉપયોગ થાય છે ત્યાં હેતુ ફેર કરી મ્યુ. કોર્પોરેશનમાં પ્લાન કે રજાચિઠ્ઠી મેળવ્યા વગર અને વકફ બોર્ડની મંજુરી વગર બાંધકામ કરી શકાય? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે તેવું જણાવેલ છે. (૨) અમો અરજદારે તા.૨૨–૨–૧૧ ના પત્ર ધ્વારા પુરાવા સહિત ઉપરોકત મામલે હેતુફેર કરી ટ્રસ્ટી ધ્વારા ૨૦૦૬ ના દરમ્યાનમાં પ્લાન રજાચિઠ્ઠી વગર ભોંય તળીયાના ૨ રૂમો ૧૪×૧૦ ફુટ અને ૧૬×૧૪ ફુટ પાકા બાંધકામ કરેલ છે તેની જાણકારી આપ સાહેબશ્રીને ૨૨–૨–૧૧ ની માહિતી આપેલ છે તે અરજી સંદર્ભે ગેરકાયદેસર બાંધકામ કરનાર વિરુધ્ધ શું કાયદેસર કાર્યવાહી કરી તેની જાણકારી આપવા નમ્ર અરજ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સેન્ટ્રલઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં તા.૨૨–૨–૧૧ ની અરજી સંદર્ભે કોઈ કાર્યવાહી કરેલ હોવાનું રેકર્ડ ઉપર માહિતી નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે સમય અવધિમાં કોઈ નિર્ણય ન મળ્યો હોવાનું જણાવી તા.૨૭–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૨૬ તા.૨૬–૪–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ મુદ્દા નં.૧ માં જાહેર માહિતી અધિકારીએ આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે પરંતુ અરજદારને સદર મિલ્કતના પ્લાન કે રજાચિઠ્ઠી વગરના બાંધકામ કરી શકાય તે બાબતે રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી શું છે તે જણાવેલ નથી. આથી અરજદારને મુદ્દા નં.૧ બાબતે રેકર્ડ ઉપરની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે. જયારે મુદ્દા નં.૨ બાબતે અરજદારને તેઓની ૨૨–૨–૧૧ ની અરજી સંદર્ભે કોઈ કાર્યવાહી કરેલ હોવાનું રેકર્ડ ઉપર માહિતી નથી જેથી અરજદારને તેની અરજી બાબતે રેકર્ડ ઉપરની દફતરી માહિતી પૂરી પાડેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૩–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી  પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ ની નહીં પૂરી પડાયેલ દફતર ઉપર ઉપલબ્ધ  હકીકતલક્ષી માહિતી  આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે  દિન–૭ માં અત્રેની જાણ હેઠળ  પૂરી પાડવા ઝોનલચીફ  અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૬–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ  અને  જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)...જાણ તથા અમલ  માટે .
(૨) શ્રી કે.એ. ધીવાલા